સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ટાવર ચોક ખાતે ગત રોજ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ધર્મ આધારિત અનામત સાંપ્રદાયિક હિંસા પ્રતિરોધ ખરડો તથા ગૌ હત્યા અને ગૌ માંસ નિર્યાત પ્રતિબંધ દૂર કરવાના કેન્દ્રના નિર્ણયના વિરોધમાં ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ધરણાં કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો તથા સંતો-મહંતો, સંઘ પરિવારના કાર્યકરો અને ઉત્તર ગુજરાત વિશ્વ હિન્દુ પરિષદના સહમંત્રી જયંતિભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

કપાસના પોષણક્ષમ ભાવ લેવા ખેડૂતોએ હિંમતનગર-દશમણી નેશનલ હાઈ-વે ચક્કાજામ કર્યો

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લામાં જરૂરિયાત મુજબ કપાસની ખરીદી માટે સી.સી.આઈ. કેન્દ્રો શરૂ ન થતા તેમજ કેન્દ્ર સરકાર દ્વારા થયેલ જાહેરાત મુજબ ખેડૂતોની રૂ. ૯૦૦ નો ભાવ ન મળતા જિલ્લાના ખેડૂતોમાં આક્રોશ ઉભો થવા પામ્યો છે. કપાસના વેચાણ માટે ટ્રેક્ટરો ભરી આવેલા ખેડૂતોએ હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે ઉપર સહકારીજીન પાસે તેમજ હિંમતનગર-ઈડર હાઈવે ઉપર ખેડૂતોએ ચક્કાજામ કરી વાહન વ્યવહાર થંભાવી દીધો હતો. સાબરકાંઠાના સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણની પોલીસે અટકાયત કરી ખેડૂતોને હાઈવે ઉપરથી દૂર કરી વાહન વ્યવહાર ખૂલ્લો કર્યો હતો. દરામલી ખાતે પણ હાઈવે ઉપર ખેડૂતોએ હલ્લો બોલાવ્યો હતો અને વાહન વ્યવહાર થંભાવી દીધો હતો. કિસાન સંઘના પ્રમુખને પણ ખેડૂતોએ ધક્કે ચઢાવી ત્યાંથી રવાના કરી દીધા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા કપાસની ખરીદી માટે જિલ્લામાં સી.સી.આઈ. કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે પરંતુ તે જરૂરિયાત કરતા ઓછા છે. સરકાર દ્વારા કપાસની ખરીદીનો ટેકાનો ભાવ રૂ. ૯૦૦નો ભાવ નક્કી કરેલ છે છતાં ખેડૂતો પાસેથી રૂ. ૮૨૫ થી રૂ. ૯૫૦ના ભાવે કપાસની ખરીદી થતા ખેડૂતોમાં નારાજગી પ્રવર્તી રહી છે. હિંમતનગર જાદર અને ઈલોલ સહિતના સી.સી.આઈ. કેન્દ્રો ઉપર ખેડૂતો સવારથી જ ટ્રેક્ટરોમાં કપાસ ભરીને વેચાણ માટે આવ્યા હતા પરંતુ ખેડૂતોને કેન્દ્ર સરકારની જાહેરાત મુજબ રૂ. ૯૦૦ ભાવ ન મળતા ખેડૂતો વિફર્યા હતા અને હિંમતનગર પાસે સહકારીજીન તેમજ દરામલી હાઈવે અને ઈલોલ માર્ગને જામ કરી વાહન વ્યવહાર અટકાવી દીધો હતો. ખેડૂતોને પોષણક્ષમ કેન્દ્ર સરકારે નક્કી કર્યા મુજબ રૂ. ૯૦૦નો ભાવ મળે તે માટે સાબરકાંઠાના સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ પણ હિંમતનગર ખાતેના સી.સી.આઈ. કેન્દ્ર ખાતે પહોંચી ગયા હતા. પોલીસે તેમની અટકાયત કરતા ખેડૂતો વધુ રોષે ભરાયા હતા. પૂર્વ સાંસદ અને એ.આઈ.સી.સી.ના મહામંત્રી મધુસૂદન મિસ્ત્રીએ પણ ખેડૂતોને રૂ. ૯૦૦ ભાવ મળે તે માટે કેન્દ્ર સરકાર સમક્ષ ટેલીફોન ઉપર વાતચીત કરી હતી અને ૩ દિવસની અંદર એ ગ્રેડનો કપાસ રૂ. ૯૦૦ ના ભાવે સી.સી.આઈ. કેન્દ્રો મારફતે ખરીદવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

હિંમતનગર, દરામલી અને ઈલોલમાં ખેડૂતોએ હલ્લાબોલ કરી હાઈવે ઉપર ચક્કાજામ કરતા વાહન વ્યવહાર થંભી ગયો હતો અને અફડાતફડી જેવો માહોલ સર્જાયો હતો. દરામલી ખાતે કિસાન સંઘના પ્રમુખ શામળભાઈ પટેલ આવી પહોંચતા ખેડૂતોને તેમની ઉપર પણ રોષ ઠાલવી તેમને ધક્કે ચઢાવી હુરીયો બોલાવીત્યાંથી હાંકી કાઢ્યા હતા. દરામલી ખાતે ખેડૂતો આક્રમક બની હાઈવે ઉપર હંગામો મચાવતા પોલીસને બળપ્રયોગ વાપરવાની ફરજ પડી હતી. પોલીસે લાઠીઓ ઉગામી ખેડૂતોને વિખેરી નાખ્યા હતા.

હિંમતનગરમાં યુવક કોંગ્રેસે સ્નેહ સંમેલન યોજી રેલીસ્વરૂપે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

હિંમતનગર, તા. ૧૬

આઈ.વાય.સી. (ઈન્ડીયન યુથ કોંગ્રેસ) ના પ્રમુખ રાહુલ ગાંધીએ યુવક કોંગ્રેસના હોદ્દેદારો માટે ચૂંટણી પ્રક્રિયા અમલી બનાવતા યુવાનોમાં જોમ અને જુસ્સો પુરાયો છે. તાજેતરમાં સાબરકાંઠા જિલ્લા યુવક કોંગ્રેસના હોદ્દેદારોની ચૂંટણી યોજાતા તેમાં ઉત્સાહી યુવાનો ચૂંટાઈ આવ્યા હતા. યુવાનોમાં જાગૃતિ લાવવા અને જોમ પુરવા સોમવારે હિંમતનગર ટાઉન હોલ ખાતે યુવક કોંગ્રેસના કાર્યકરોનું સ્નેહ મિલન સમારંભ એ.આઈ.સી.સી.ના મહામંત્રી મધુસૂદન મિસ્ત્રીની ઉપસ્થિતિમાં યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠા જિલ્લા યુવક કોંગ્રેસનો સ્નેહ મિલન સમારંભમાં યુવાનોને સંબોધતા એ.આઈ.સી.સી.ના મહામંત્રી મધુસૂદન મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, યુવાનો કોંગ્રેસ માટે આશાનું કિરણ છે. યુવાનો દેશના રાજકારણમાં મહત્વનું અંગ છે. ત્યારે પ્રજા અને લોકોના હિતો માટે યુવાનોએ આગળ આવવાની જરૂર છે. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, પ્રદેશ કોંગ્રેસ સમિતના મંત્રી મણીભાઈ વાઘેલા, ધારાસભ્ય અનિલભાઈ જોષીયારા, કોંગ્રેસના પ્રવક્તા ફારૂકભાઈ ખણુસીયા, ગુજરાત યુવક કોંગ્રેસના પ્રમુખ માનસિંહ ડોડીયા, પૂર્વપ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, સાબરકાંઠા યુવક કોંગ્રેસના પ્રભારી જીતુ રાયકા, ઈમરાન દાવડા, રઈસાબાનુ પઠાણ, મુદ્દસર વિજાપુરા સહિત મોટી સંખ્યામાં યુવા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્નેહ સંમેલન બાદ યુવક કોંગ્રેસના કાર્યકરોએ રેલી સ્વરૂપે ભાજપ સરકારની ગરીબી વિરોધી નીતિ અને ભ્રષ્ટાચારના મુદ્દે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

હિંમતનગર નાગરિક બેંકની ચૂંટણીનું સુખદ સમાધાન

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગર નાગરિક બેંકના વારી છૂટ્યા થતા ત્રણ ડિરેક્ટર્સ માટેની ચૂંટણી તા. ૨૨ એપ્રિલ-૨૦૧૨ના રોજ જાહેર થઈ હતી. તથા ૬ ઉમેદવારી પત્રો ભરાયા હતા. આમ છ એ છ ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા હતા. પરંતુ બેંકના સાર્વત્રિક હિતને ધ્યાનમાં રાખી ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સુખદ સમાધાન થતા ચૂંટણી ટળી જવા પામી હતી અને ત્રણ ઉમેદવારો બિન હરિફ ચૂંટાયા હતા.

આમ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સુખદ-સમાધાન થતા બેંકના ચેરમેન અને ચૂંટણી અધિકારી સુરેશકુમાર પટેલે રાજેન્દ્રસિંહ રણજીતસિંહ ચાવડા, નાથાલાલ મોહનલાલ પટેલ અને હિરેનકુમાર નવિનચંદ્ર ગોરને બિન-હરિફ ચૂંટાયેલા જાહેર કર્યા હતા. આ પરિણામથી શહેરમાં આનંદની લ્હેર પ્રસરી ગઈ હતી. જ્યારે દિપકકુમાર દવે, કૃષ્ણવદન શાહ અને અશોકકુમાર પટેલે ઉમેદવારી સ્વેચ્છાએ પાછી ખેંચતા બેંક મેનેજમેન્ટે ખાસ આભાર માન્યો હતો. તેમ બેંકના મેનેજર ભરતભાઈ તંબોલીએ જણાવ્યું હતું.

સર્વોદય સહકારી શરાફી મંડળીના ૫ કર્મચારીઓ વિરૂદ્ધ ઉચાપતની ફરિયાદ

હિંમતનગર, તા. ૧૬

ઈડર તાલુકાની સહકારી સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર ખુલ્લો પડી રહ્યો હોય તેમ શનિવારે મોડી સાંજે શહેરના ટાવર રોડ ઉપરની સર્વોદય સહકારી શરાફી મંડળી લિ.ના બે કેશિયરો, કલાર્ક અને ૧ સેક્રેટરી સહિત મંડળીના તમામ કર્મચારીઓ વિરૂધ્ધ રૂ. ૩૫,૪૨,૨૦૧ની ઉચાપતની ફરિયાદ સાબરકાંઠા ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓ.બેંકના લિ. હિંમતનગરના ઈન્સ્પેકટર આ મંડળીના વહીવટદારની રૂએ ઈડર પોલીસ મથકે નોંધાવતા સમગ્ર ઈડરમાં ચકચાર મચી ગઈ છે. આ સમગ્ર કૌભાંડ એપ્રિલ ૨૦૦૫ થી માર્ચ ૨૦૦૭ દરમિયાન આચરાયેલું હતું જેની પોલિસ ફરિયાદ જૂન ૨૦૦૯માં પણ નોંધાઈ હતી.

ઈડર પોલીસ સુત્રોથી પ્રાપ્ત માહિતી મુજબ, ઈડરના ટાવર રોડ ઉપર આવેલી સર્વોદય સહકારી શરાફી મંડળી ૧૩ વર્ષ અગાઉ શરૂ કરવામાં આવી હતી અમુક વર્ષ સુધી તો બરાબર ચાલ્યું બાદમાં આ બેંકના બે કેશીયર સાબીરહુસેન ઈબ્રાહીમભાઈ મેમણ, યાકુબભાઈ ઉસ્માનભાઈ મેમણના મનમાં હરી પત્તીનાં નોટોના બંડલો જોઈને કરોડપતિ બનવાની લાલચ જાગી કે અન્ય કોઈ કારણસર તેમણે બેંકમાં મોટું બેંક બેલેંસ ધરાવતા ગ્રાહકો સાથે સંબંધો કેળવીને તેમને વધુ વ્યાજની લાલચ આપીને તેમની પાસેથી બારોબાર લાખો રૂપિયા વ્યાજે લેવાનું શરુ કર્યુ હતું. અને પાછું વ્યાજ સમયસર ભરી દેતા હતા. તેથી તેમના ઉપર બેંકના ગ્રાહકો તેમજ અન્ય લોકોનો વિશ્વાસ વધતો ગયો.

બેંકના બંને કેશીયરે બારોબાર લીધેલાં લાખો રૂપિયાનું શેરબજાર અને સ્થાવર મિલ્કતોમાં રોકાણ કરતા ગયા અને જયારે મંદી આવે ત્યારે વ્યાજ પણ ચુકવવું મુશ્કેલ થઈ ગયું હતું. તેથી તેમણે વ્યાજ ચુકવવા માટે બીજો આઈડિયા કામે લગાડયો જેમાં તેમણે અમુક શખ્સોની પેઢી કે ઘરના ડુપ્લીકેટ દસ્તાવેજો ઉભા કરીને તેના ઉપર બેંકમાંથી લાખો રૂપિયાની લોન કરીને આ પૈસા તેમના ખિસ્સામાં સેરવી દીધા હતા અને આ જ રકમમાંથી વ્યાજ અને અન્ય ચુકવણું કરતા ગયા હતાં.

જે અંગેની જાણ જિલ્લા રજીસ્ટ્રાર કચેરીને થતાં ઓડીટર કે.જે. ડામોરની ઓડીટ દરમિયાન સમગ્ર કૌભાંડ બહાર આવતાં જૂન ૨૦૦૯માં પોલિસ ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ આ મંડળીમાં વહીવટદારની નિમણુંક થતાં સમગ્ર કૌભાંડ આચરનાર બે કેશીયરો, બે કલાર્કઅને ૧ સેક્રેટરી સહિત મંડળીના તમામ કર્મચારીઓ વિરૂધ્ધ પોલિસ ફરિયાદ નોંધાતા ઈડરમાં ખળભળાટ મચી ગયો છે.

તલોદ તાલુકાના પુંસરી ખાતે ચોથા સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નોત્સવમાં બાર દંપતિ પ્રભુતામાં પગલા માંડશે

તાજપુરકેમ્પ, તા. ૧૬

તલોદ તાલુકાના પુંસરી ગામે સતત ત્રણ સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવની ભવ્ય સફળતા બાદ ચોથો સમૂહ લગ્નોત્સવ આગામી ૨૪ એપ્રિલના રોજ યોજાશે. જેની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

આ અંગેની વિગતો એવી છે કે પુંસરી જિલ્લા પંચાયત મત વિસ્તારમાંથી ચૂંટાયેલા સભ્ય નરેન્દ્ર પટેલ છેલ્લા ચાર વર્ષથી સર્વજ્ઞાતિય સર્વધર્મ સમૂહલગ્નોનું વિના મૂલ્યે આયોજન કરે છે. પ્રથમ વર્ષે ૩૨, બીજા વર્ષે ૧૫ અને ત્રીજા વર્ષે ૧૬ લગ્નોની સફળતા મળ્યા બાદ ચાલુ વર્ષે પણ ચોથા સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોનું વિના મૂલ્યે આયોજન કર્યું છે. વર-કન્યા કે તેના માતા-પિતા પાસેથી કોઈ પ્રકારનો ખર્ચ લેવામાં આવતો નથી તેવા ૧૨ દંપતિ ૨૪ એપ્રિલે પ્રભુતામાં પગલા પાડશે. આ ૧૨ દંપતિમાં ૧ નાયક, ૩ રાવળ અને ૮ દલિત સમાજના પરિવારો તેમાં જોડાયા છે. કોઈપણ જાતના નાત જાતના ભેદભાવ વગર એક જ મંડપ નીચે લગ્નવિધિથી આ નવયુગલ પ્રભુતામાં પગલાં માંડશે અને સાથે જ ભોજન લેશે.

આ સમૂહ લગ્નમાં જોડાયેલા દંપતિને જીવન જરૂરિયાતની તમામ નાની મોટી વસ્તુઓ ભેટ સ્વરૂપે દાતાઓના સહયોગથી આપવામાં આવશે. પુંસરી ખાતે લગ્નોત્સવ જિલ્લા પંચાયતના સભ્ય નરેન્દ્ર પટેલ ચોથી વાર યોજી રહ્યા હોવાથી ભારે સફળતા મળી છે. આ પ્રસંગેને લઈ આ વિસ્તારના લોકો ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરી રહ્યા છે. તા. ૨૪મીએ યોજાનાર આ સમૂહ લગ્નોત્સવમાં રાજકીય અગ્રણીઓ, સંતો, મહંતો, શુભેચ્છકો મોટી સંખ્યામાં હાજર રહેશે.

પુંસરી ખાતે યોજાનાર આ સર્વજ્ઞાતિય સમૂહલગ્નોત્સવમાં દરેક નવદંપતિની પાસે ભ્રૂણ હત્યા નહી કરવાના અને બેટી બચાવોની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવશે અને પ્રતિજ્ઞા પત્રમાં હસ્તાક્ષર પણ લેવડાવવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.



કાંકરેજ તાલુકાના અરડુવાસ ગામે શ્રી જોગમાયા માતાજીનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવમાં ધર્મપ્રેમી જનતાએ દર્શનનો લાભ લીધો હતો.

સાબરકાંઠા જિલ્લામાં બોર ડ્રિલિંગનું કામ કરનાર એજન્સીઓએ નોંધણી ફરજિયાત કરાવવી પડશે

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લામાં બોર-કૂવાઓના ડ્રિલિંગ કરનાર એજન્સીઓ મારફતે કામકાજ પુરૂ થયા પછી પણ ખાડા અને ચેનલો પુરી જે તે એજન્સીઓએ નોંધણી ફરજિયાત કરાવવાની રહેશે એવા સુપ્રિમકોર્ટના આદેશ પછી વહીવટીતંત્ર હરકતમાં આવી ગયું છે. અને આ અંગે તમામ પંચાયતો-નગરપાલિકાઓમાં પરિપત્ર કરવામાં આવ્યો છે.

ડિઝાસ્ટ મેનેજમેન્ટમાંથી જાણવા મળ્યા પ્રમાણે ખુલ્લા બોરમાં બાળકોના ફસાઈ જવાના બનાવો દિન પ્રતિદિન વ્યાપક પ્રમાણમાં બનતા સુપ્રિમ કોર્ટ દ્વારા તાજેતરમાં જ બોર કે ટ્યૂબવેલમાં ફસાઈ જતા બાળકોના બનાવોને અટકાવવા આ પગલુ ભર્યું છે. સુપ્રિમ કોર્ટની માર્ગદર્શિકા અને મહેસૂલ વિભાગના ઠરાવ પ્રમાણે બોર-કૂવાઓના કામકાજ શરૂ કરતા પહેલા ગ્રામ પંચાયત કે પાલિકામાં ૩૦ દિવસ પહેલા મંજૂરી મેળવવાની રહેશે. ડ્રિલિંગ કરતી એજન્સીઓએ પણ વપરાયેલ સામગ્રી ઉંડાઈ, કૂવાનો વ્યાસ, બાંધકામ પૂર્ણ કર્યાની તમામ વિગતો અને કયા વિસ્તારમાં બોર બનાવ્યો છે તેની સંપૂર્ણ માહિતી રજુ કરવાની રહેશે.

ગુજરાત જળસંપત્તિ નિગમની જિલ્લા કક્ષાએ નોડલ એજન્સી તરીકે કામ કરશે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ખુલ્લા બોર કૂવા પુરી દેવાના રહેશે. પાણી પુરવઠા બોર્ડ, સિંચાઈ વિભાગ, અર્ધ સરકારી નિગમોએ પણ બોર ડ્રિલિંગ, હેન્ડપંપ ડ્રિલિંગ અને કૂવાની માહિતી આપવાની રહેશે. ઉપરાંત વ્યક્તિગત માલિકીની જમીનમાં ખુલ્લા બોર બંધ કરવાના કિસ્સામાં બેદરકારી બદલ ફોજદારી ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવશે તેમ ડિઝાસ્ટર મેનેજમેન્ટના ડીપીઓ કનુભાઈ પટેલે જણાવ્યું હતું.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૫૭૯, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
અહેમદઉલ્લા શેખ	મોડાસા	૯૯૧૩૫૮૭૧૪૫
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
પ્રવિણભાઈ સોની	મેઘરજ	૯૪૨૮૫૫૪૯૫૪
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા	૯૯૭૯૪૦૨૫૩૩
ગણપતભાઈ જોષી	પાલનપુર	૯૩૭૫૦૭૬૦૬૧
હરેશ જોષી	પાલનપુર	૯૩૨૮૩૧૧૫૭૫
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૮૯૮૨૧૦૪૩૬

પરિવર્તન યાત્રા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે જણાવ્યું હતું કે રેલીના સંદર્ભે શહેરમાં વિવિધ સ્થળોએ ખાસ હોર્ડિંગ્સ અને કોંગ્રેસની ધજાઓ લગાવી દેવામાં આવી છે તેમજ રેલીના સ્વાગત માટે વિશેષ કમાનો પણ ઉભી કરવામાં આવશે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા આવતીકાલે ગાંધીનગરમાં પરિવર્તન યાત્રાનો સેક્ટર-૨૨ પંચદેવ મંદિર ખાતેથી પ્રારંભ કરવામાં આવનાર છે. પંચદેવ મંદિરથી નિકળનારી આ પરિવર્તન યાત્રા મીના બજાર થઈ, સેક્ટર-૨૧, ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર થઈ સેક્ટર-૨૪ ખાતે પહોંચશે.

ગાંધીનગરમાં વિવિધ સેક્ટરોમાંથી પસાર થનારી પરિવર્તન યાત્રા દરમ્યાન કોંગ્રેસ દ્વારા ગુજરાતની વર્તમાન ભાજપ સરકારના શાસન દરમ્યાન કરવામાંઆવેલા ભ્રષ્ટાચારને ઉજાગર કરવામાં આવશે અને હિસાબ માંગવામાં આવશે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં પરિવર્તન યાત્રા કાઢવામાં આવે છે. આ યાત્રામાં પ્રદેશ કોંગ્રેસના નેતાઓ જોડાઈને ભાજપ સરકારના ભ્રષ્ટાચારને ઉજાગર કરીને પ્રજાના દિલ જીતવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સામાન્ય ચૂંટણી અંગે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવશે તેની બ્લ્યુ પ્રિન્ટ પણ આ બે દિવસ દરમ્યાન તૈયાર કરી દેવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં માણસા વિધાનસભાની પેટાચૂંટણી દરમ્યાન આદર્શ આચાર સંહિતાના અમલની સાથે સાથે આર્થિક બાબતોના મોનીટરીંગ સહિત ઘણી બધી નવી બાબતોનો અમલ કરવામાં આવ્યો હતો જે ઉલ્લેખનીય છે.

પંચ દ્વારા જિલ્લાના તમામ નાયબ જિલ્લા અધિકારીઓ સાથે આ બેઠક સંપન્ન થયા બાદ ૧લી જૂનથી મતદારયાદી સુધારણા તેમજ મતદાર જાગૃતિ અભિયાન ૧૮ જુન સુધી યોજવામાં આવશે. આ મુદ્દે પંચ અત્યંત ગંભીર છે અને તે માટે નવા નવા કાર્યક્રમો વિચારણામાં લીધા હોવાનું જાણવા મળેલ છે. દરેક જિલ્લાને લક્ષમાં રાખી અને આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

બીજી તરફ રાજ્યના દરેક જિલ્લામાંઆગામી ૧લી મેથી મતદાર સહાય કેન્દ્રો પણ શરૂ કરી દેવામાં આવશેજ્યાંબારે માસ મતદાર યાદીમાં નામ નોંધાવવાની તેમજ સરનામામાં ફેરફાર સહિતની વિવિધ કામગીરી હાથ ધરવામાંઆવશે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જુલાઈ સુધીમાં નવી મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ થઈ જાય તે રીતે પંચ આગળ વધી રહેલું છે. પંચ દ્વારા ચૂંટણીની કવાયતો એકદમ વેગીલી બનાવી દેવામાં આવી છે.

વિધાનસભાની મુદત આમ તો ડિસેમ્બરમાં પૂર્ણ થનાર છે પણ પંચ દ્વારા આ અંગેની કવાયતોનો દોર પહેલા ધીમી ગતિએ આરંભાયો હતો. જિલ્લાના ડે. કલેક્ટરો સાથેની બેઠક બાદ તરત જ જિલ્લા કલેક્ટરો સાથે પણ આવી જ બેઠકનું આયોજન ચાલી રહ્યાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે પંચે થોડાક સમય પહેલાં જિલ્લા કલેક્ટરો અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ તેમજ રિટર્નીંગ ઓફિસરો સાથે એક સંયુક્ત બેઠક અમદાવાદ ખાતે યોજી અને જિલ્લાઓની ખાલી જગ્યાઓ અંગેની વિગતો પણ માંગી હતી. હવે આ બાબતે પંચે તમામ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓને દિલ્હી તાલિમના ભાગરૂપે બોલાવી બેઠક યોજી હતી.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૮૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
ફ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન